# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૪ તા.૨૬-૦૭-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- કન્જકટીવાઈટીસ (આંખ આવવી) રોગચાળાના સંક્રમણને નિયંત્રણ લાવવા લેવાના થતા નિવારાત્મક પગલાંઓ બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, પ્રવર્તમાન સમયગાળામાં કન્જકટીવાઈટીસ (આંખ આવવી) રોગ શહેરમાં ખૂબ ફેલાઈ રહેલ છે. આ રોગના સંક્રમણને નિયંત્રણમાં લાવવાના પગલાના ભાગરૂપે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા આપવામાં આવેલ સૂચનો અને માર્ગદર્શન આ સાથે સામેલ પત્રિકાઓ દર્શાવેલ છે. જેનું ચૂસ્ત પાલન કરી બાળકોને રોગના સંક્રમણથી બચાવવા સુચારૂ આયોજન કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : - પત્રિકા

તા.૨૬-૦૭-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

G20 U20 आज़ादी का अमृत महोत्सव

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન -આરોગ્ય વિભાગ



# કન્જકટીવાઇટીસ

### લક્ષણો

- આંખો લાલ થવી.
- આંખમાં ખંજવાળ આવવી.
- આંખમાંથી સતત પાણી પડવું.
- આંખમાં દુ:ખાવો થવો.
- આંખના પોપચાં ચોંટી જવા.
- ઘણી વખત આંખમાંથી પરૂ પણ નીકળી શકે.

### શું કરવું

- સંક્રમિત વ્યક્તિએ ચશ્મા પહેરવા.
- આંખમાંથી પાણી નીકળતું હોય તો એ વહીને ગાલ પર આવે ત્યારે ટીસ્યુ પેપરથી સાફ કરવું
- ચેપી વ્યક્તિનો રૂમાલ અલગ રાખવો.
- સંક્રમિત વ્યક્તિએ વારંવાર હાથ ધોવા.
- ચેપી બાળકની કાળજી લેનાર વાલીએ વારંવાર હાથ ધોવા.
- તબીબોની સલાહ મુજબ સારવાર કરાવવી.

### કન્જકટીવાઇટીસ થવાના કારણો

- વાયરલ અને બેક્ટેરિયલ કન્જકટીવાઇટીસ
  - છીંક/ખાંસી ખાતા ચેપ લાગે
  - સીધા સંપર્ક દ્વારા
- એલર્જીથી થતો કન્જકટીવાઇટીસ
  - પાલતુ પ્રાણીનો ખોડાથી
  - ધૂળ/રજકણ/કચરાથી
  - ફૂલ/ફળ/પરાગરજથી

### શું કરવું નહિ

- હાથ આંખને અડાડવો નહીં કે આંખ ચોળવી નહીં.
- સંક્રમિત વ્યક્તિ સાથે હસ્તધનન ટાળવું તેમજ તેણે અડેલી વસ્તુને અડવું નહીં.
- સંક્રમિત વ્યક્તિએ ઉપયોગ કરેલી વસ્તુનો ઉપયોગ ટાળવો.
- જાતે એન્ટીબાયોટીક કે સ્ટીરોઇડના ટીપા આંખમાં નાખવા નહિ.
- સંક્રમિત બાળકો સાથે બીજા બાળકોએ રમવાનું ટાળવું.

/AhmedabadAMC    /AmdavadAMC

GOG CONNECT

# કન્જક્ટિવાઈટિસ

આંખ આવે તો ગભરાશો નહિ, યોગ્ય જાણકારીથી સુરક્ષિત રહો



## લક્ષણો

- આંખો લાલ થવી
- આંખમાં ખંજવાળ આવવી
- આંખમાંથી સતત પાણી પડવું
- આંખમાં દુ:ખાવો થવો
- આંખના પોપચાં ચોંટી જવા

## આંખ આવવાના કારણો

- છીંક/ખાંસી દ્વારા ચેપ લાગવાથી
- ચેપગ્રસ્તના સીધા સંપર્કમાં આવવાથી
- ધૂળ-રજકણ, ફૂલનાં પરાગરજ દ્વારા

## શું કરવું?

- ચેપી વ્યક્તિએ ચશ્મા પહેરવા
- ચેપી વ્યક્તિનો રૂમાલ અલગ રાખવો
- સંક્રમિત વ્યકિતએ વારંવાર હાથ ધોવા
- તબીબોની સલાહ મુજબ સારવાર કરાવવી

## શું ના કરવું?

- વારંવાર આંખને સ્પર્શ કરવી નહિ
- ચેપી વ્યક્તિની ચીજવસ્તુઓથી દૂર રહેવું
- જાતે કોઈપણ દવાના ટીપાં આંખમાં નાખવા નહિ